## હરિની દૃષ્ટિ...




હીન્દી ડે એટલે હીન્દી બચાવો ઓઝોન ડે એટલે ઓઝોન બચાવો એન્વાયરમેન્ટ ડે એટલે એન્વાયરમેન્ટ બચાવો... કંટાળી ગયો છું... હવે તો શું એવું રહ્યું કે ન બચાવીએ તો ચાલે...!!!

# ઝુંડાલ ગામમાં નેતાઓએ પ્રવેશવું નહીં ના બેનરો લાગ્યા

ગાંધીનગર, તા. ૧૭

દિનપ્રતિદિન પાટીદારો દ્વારા સ્થાનિક કક્ષાએ બેનર અને થાળીનાદ આંદોલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગાંધીનગર નજીકના ઝુંડાલ ગામે સ્થાનિક ગ્રામજનોએ ગામમાં ભાજપ કે કોંગ્રેસ પક્ષના નેતાઓએ વોટની ભીખ માંગવા પ્રવેશવુ નહી તેવી સુચના આપતા બોર્ડ લગાવવામાં આવ્યા છે. સમગ્ર ગુજરાતમાં પાટીદારો અનામત આંદોલન મામલે ભારે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પાટીદારો સ્થાનિક કક્ષાએ પોતાનું આંદોલન તેજ બનાવ્યું છે. આ આંદોલનમાં હવે રાજકીય નેતાઓને પાટીદાર બહુમતી ધરાવતા ગામોમાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી બેનર લગાવવામાં આવ્યા છે.

આ બેનર ચલણમાં ગાંધીનગર જિલ્લાના પણ અનેક ગામો જોડાયા છે. ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ ગામે પાટીદારોએ મોટી સંખ્યામાં હાજર રહી રાજકીય નેતાઓને ગામમાં પ્રવેશવું નહી તેવા બેનર લગાવી દીધા છે અને પાટીદાર મહિલાઓએ જાહેરમાં થાળીઓ વગાડી વિરોધ પ્રદર્શન કર્યુ હતું.




# જાહેર સરકારી કાર્યક્રમોમાં હવે એન્ટી મોરચા સ્કવોર્ડ તૈનાત રહેશે

### ઠેર ઠેર નેતાઓને ભગાડીને વિરોધ કરવાના કાર્યક્રમો શરૂ થતા ૫૦ પોલીસની સ્કવોર્ડ બનાવાઈ : સ્કવોર્ડ માત્ર મોરચો અટકાવવાની કામગીરી કાર્યક્રમ દરમિયાન કરશે

ગાંધીનગર, તા.૧૭

પાટીદાર અનામત આંદોલને વેગ પકડયો છે ત્યારે હવે ઠેર ઠેર સરકારી જાહેર સભાઓ કે કાર્યક્રમોમાં નેતાઓને ભગાડીને તેમના વિરોધ કરવામાં આવી રહ્યા છે જેને પગલે ગાંધીનગર જિલ્લા પોલીસે ખાસ એન્ટી મોરચા સ્કવોર્ડ બનાવી છે. આજે મહાત્મા મંદિરના કાર્યક્રમમાં પણ આ સ્કવોર્ડ તૈનાત કરવામાં આવી હતી. ૫૦ પોલીસ જવાનો આ સ્કવોર્ડમાં સમાવવામાં આવ્યા છે. જેનું કામ કાર્યક્રમ દરમિયાન કોઈ મોરચો આવી ન જાય અને જો આવી જાય તો તેને અટકાવી દઈ કાર્યવાહી કરવાનું રહેશે.

મહાત્મા મંદિર ખાતે આજે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓ, ગામના સરપંચો તથા રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન પોલીસને સતત ડર હતો કે અન્ય સ્થળોમાં જે રીતે નેતાઓને હાંકી કાઢવામાં આવી રહ્યા છે અને જે રીતે થાળી વેલણ વગાડી વિરોધ પ્રદર્શનો કરવામાં આવે છે તેવું ન થાય...! જેને પગલે આજથી ખાસ સ્કવોર્ડ બનાવવામાં આવી છે. આજથી દરેક સરકારી કાર્યક્રમોમાં ૫૦ પોલીસ અધિકારી-કર્મચારીઓની આ એન્ટી મોરચા સ્કવોર્ડ તૈનાત રહેશે. જે અંદર-બહાર એક જ ધ્યાન રાખશે કે કોઈ આ પ્રકારની ગતિવિધિઓ કરી નથી રહ્યું ને. મોરચો લઈને કોઈ આવે તો તેને બહારથી જ પકડી કાર્યવાહી કરવામાં આવશે. આજે યોજાયેલા કાર્યક્રમમાં આ કારણોસર સઘન ચેકીંગ પોલીસે કરી એન્ટ્રી પોઈન્ટ પર જ દરેકના બેગ-થેલાઓ મુકાવી દીધા હતાં.

## ખૂણે ખાંચરેથી...

● મેયર શ્રીમતિ હંસાબેન મોદીની તબિયતમાં સુધારો થયો છે જો કે હજુ તેમને થોડીક અશક્તિ લાગી રહી છે.

● ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ભાગ લેવા જતા પદયાત્રીઓના સંઘો રવાના થઈ રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલે પણ તેમના ઘરે આજે ગણપતિ તેડ્યા છે.

● મહાત્મા મંદિરમાં સ્વચ્છતા દિનની ઉજવણી નિમિત્તે યોજાયેલ સમારોહમાં મગની દાળનો શીરા સાથેનું ભોજન પીરસાયું હતું.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આજે ગણેશ પૂજનના ખાસ કાર્યક્રમો યોજાયા હતા.

## વૈચારીક ક્રાંતિ સંગઠન દ્વારા ૧૯મીએ કાર રેલી

ગુજરાત વૈચારિક ક્રાંતિ સંગઠન દ્વારા ડૉ. સી.જે. ચાવડાની આગેવાની હેઠળ ગુજરાતમાં સાંપ્રત પરિસ્થિતિના પ્રતિબિંબને અને લોકોના મનમાં પડેલ વિચારને પ્રજવલિત કરી સમાજના પ્રતિષ્ઠિત લોકો અને યુવાનો દ્વારા લોક જાગૃતિ કેળવવા માટે એક કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર રેલી તા. ૧૯મી સપ્ટેમ્બરને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી, એસ.ટી. ડેપો સામે, સેક્ટર-૬ના મેદાનથી કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. એક હજાર કરતા પણ વધુ મોટર કારો આ રેલીમાં જોડાશે. અને યુવાનો ખર્ચાળ શિક્ષણ પ્રથામાંથી શિક્ષિત થઈ બેકારીના ખપ્પરમાં હોમાઈ ગયા છે તેના પ્રતિકાર રૂપે 'બેકાર શિક્ષિત યુવાનને રોજગારી આપો અથવા રોજગારી ના આપો ત્યાં સુધી શૈક્ષણિત લાયકાત અનુસાર બેકારી ભથ્થુ આપો' ના પ્રતિક રૂપે આ કારરેલીનું આયોજન થયું છે. આ કારરેલીનું ઉત્તર ગુજરાતના પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે સમાપન થશે.

# અમીયાપુર દારૂની ફેકટરી ચલાવનાર આરોપીઓ બે દિવસના રિમાન્ડ પર

### રાજસ્થાનથી મજુરી કરવા આવેલા બે મજુરોને મુખ્ય સુત્રધારે દારૂ બનાવવા રાખી લીધા હતા : ત્રણ દિવસ પહેલા જ ફેકટરી ખોલી હોવાની કેફીયત

ગાંધીનગર, તા.૧૭

અમિયાપુર ગામમાંથી વિદેશી દારૂની ફેકટરી પકડી અડાલજ પોલીસે ચારની ધરપકડ કરી હતી. જયારે આ ફેકટરી શરૂ કરનાર મુખ્ય સુત્રધાર બુટલેગર પ્રવિણ કુંપાવત હજુ ફરાર છે. પ્રવિણ દારૂ બનાવવાનો માલ લાવી આપતો હતો અને ત્રણ દિવસ પહેલા જ આ ફેકટરી ખોલી હતી તેવી કેફીયત આરોપીઓએ પોલીસ સમક્ષ આપી છે. ચારેય આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજુર થયા છે. જેને આધારે પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

વિદેશી દારૂની પકડાયેલી ફેકટરી ખોલવા પાછળનું માઈન્ડ બુટલેગર પ્રવિણ કુંપાવતનુંહોવાનું ધ્યાને આવ્યું છે જે હજુ વોન્ટેડ છે. અમિયાપુરના જે બે શખ્સો પકડાયા તે બંને આ ફેકટરીમાં દારૂ મેકીંગનું કામ ઉપરાંત બોટલ ફીટીંગ પણ કરતા હતા અને જગ્યા પણ ગોઠવી આપી હતી. જયારે રાજસ્થાની બંને આરોપીઓને બુટલેગર પ્રવિણ પાલડીથી ઉઠાવી લાવ્યો હતો. આ બંને રાજસ્થાની મજુરો અહીં કામ કરવા આવ્યા હતા અને તેમને બંનેને દારૂ બનાવવા બોલાવી પગાર ધોરણે રાખ્યા હતા. આરોપીઓએ નિવેદન આપ્યું છે કે ૧૩મી સપ્ટેમ્બરે ફેકટરી ખોલી, ૧૪મીએ દારૂ બનાવ્યો ને ત્રીજા જ દિવસે પકડાઈ ગયા...! ચારેય આરોપીઓની સઘન પુછપરછ માટે કોર્ટે આરોપીઓના બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. વોન્ટેડ મુખ્ય સુત્રધારને પકડવા પોલીસે તજવીજ શરુ કરી છે.



ગાંધીનગરની જાણીતી પાવર ક્ષેત્રની કંપની કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન ગુરૂવારે વિશ્વકર્મા જયંતિની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી. વહેલી સવારથી ભગવાન વિશ્વકર્માના પૂજન અર્ચન અને હોમ હવન કરાયા હતા. ત્યારબાદ પ્રોત્સાહક અભિગમવાળા પ્રેરક પ્રવચનો યોજાયા હતા. આ પ્રસંગે કંપનીના યાંત્રિક મશીનોની કામદારોના હગસ્તે પૂજા કરાઈ હતી. સૌ કામદારોને મીઠાઈના પેકેટનું વિતરણ કરાયું હતું. (તસવીર : દિપક જાની)

## જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૬

ભારત સરકારના માનવ સંશોધન વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત જવાહર નવોદય વિદ્યાલય ગાંધીનગરમાં ધો. ૬ માટે વર્ષ ૨૦૧૬ની પ્રવેશ પરીક્ષા તા. ૯-૧-૨૦૧૬ શનિવારના રોજ સવારે ૧૧.૩૦થી ૧.૩૦ સુધી લેવાનાર છે. હાલ ધો. ૫ માં ગાંધીનગર જિલ્લાની માન્ય શાળામાં અભ્યાસ કરતા બાળકો જ પ્રવેશ પરીક્ષાનું ફોર્મ ભરી શકશે.

# સાંઈ સંકુલ ખાતે યુવા દોડ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

નહેરુ યુવા કેન્દ્ર અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે સ્પોર્ટસ સંકુલ સેક્ટર-૧૫ ખાતે યુવા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં દોડવીરોએ ભાગ લીધો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે સ્પોર્ટસ સંકુલ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાયેલ યુવા દોડમાં ૩૦૦ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગાંધીનગર મનપાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે લીલી ઝંડી બતાવી દોડનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર યુથ કો. ઓર્ડીનેટર રજનીકાંત સુથારે યુવાનોને સંબોધતા જણાવ્યું હતુ કે રાષ્ટ્રીય નિર્માણમાં ભારતીય યુવકોને જોડવાના છે. રાષ્ટ્રના નિર્માણમાં સ્કીલ ઈન્ડીયા, મેક ઈન ઈન્ડીયા, ડીજીટલ ઈન્ડીયા, બેટી બચાવો, બેટી પઢાવો અને શ્રેષ્ઠ ભારતને સફળ બનાવવા સબકા સાથ સબકા વિકાસ, સતત પ્રયાસ, અથાગ પરિશ્રમ, નિરંતર વિકાસમાં યુવકોને સહભાગી બનાવવા જણાવ્યું હતું. આ પ્રસંગે સાંઈ સંકુલના કોચ જયવીરસિંહ, નિલેષ પટેલ, નહેરુ યુવા કેન્દ્રના વોલીન્ટીયર નીતા રાવલ, શૈલેષ ચૌધરી, ગીતા નાયર, નરેન્દ્રસિંહ, ગીતાબેન, દિપીકાબેન સહિત મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે દોડવીરોને ચોકલેટ ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું. અંતમાં કાર્યક્રમનો આભારવિધિ કશ્યપ નિમાવતે કરી હતી.

## વડાપ્રધાને છેવાડાના લોકોની ચિંતા કરી છે : આનંદીબેન

ગાંધીનગર, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન ઉજવણી સ્વચ્છતા દિવસ તરીકે કરવાનો નિર્ણય ગુજરાત સરકારે લીધો છે. આ કાર્યક્રમમાં બોલતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે નરેન્દ્ર મોદીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અન્ય કોઈ વડાપ્રધાને છેવાડાના માનવીની ચિંતા કરી નથી જેટલી નરેન્દ્ર મોદીએ કરી છે. તેમણે કહ્યું હતું કે, દેશમાં સ્વચ્છતા અભિયાનને પ્રાધાન્ય આપનાર પણ નરેન્દ્ર મોદી જ છે.

## ફાર્મસી કાઉન્સીલ ફાર્મસી રજીસ્ટ્રેશન માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સીલ દ્વારા આગામી ૩જી ઓક્ટોબર-૨૦૧૫ના રોજ સુરતની ભગવાન મહાવીર કોલેજ ઓફ ફાર્મસી ખાતે ફાર્મસી રજીસ્ટ્રેશન માર્ગદર્શન કેમ્પ યોજાશે.

આ માર્ગદર્શન કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા ઈચ્છુકોએ તેમજ ફાર્માસીસ્ટોના રજીસ્ટ્રેશન, રી એન્ટ્રી, ગુડ સ્ટડીંગ સર્ટીફિકેટ, સરનામા અને નામમાં ફેરફાર, ડુપ્લીકેટ સર્ટીફિકેટ, ડુપ્લીકેટ રીન્યુઅલ રસીદ, ડીગ્રી એડીશન વગેરે અરજી કરવા માંગતા ફાર્માસીસ્ટોએ જરૂરી દસ્તાવેજો સાથે ભગવાન મહાવીર કોલેજ ઓફ ફાર્મસી, ૧૪૯, બીએમઈએફ કેમ્પસ હીના બંગ્લોઝની પાછળ, આશીર્વાદ વીલા પાસે ભરથાણા સુરત ખાતે હાજર રહેવુ તેમજ વધુ માહિતી માટે (૦૭૯) ૨૨૬૮૦૦૬૦ પર સંપર્ક કરવાનો રહેશે તેમ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સીલ અમદાવાદના રજીસ્ટ્રારે જણાવ્યું હતું.

# જીટીયુના પાંચમા યુથ ફેસ્ટીવલમાં બાપુ કોલેજ ચેમ્પિયન

### સમાપન સમારોહમાં શંકરસિંહ વાઘેલાનું યુવાનોને પ્રોત્સાહન : એસ.આર. પટેલ કોલેજ ઓફ એન્જીનીયરીંગ રનર્સ અપ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતે યોજાયેલ પાંચમા યુથ ફેસ્ટિવલનું રંગે ચંગે સમાપન કરાયું હતું. સમાપન સમારોહમાં બાપુ જીકેવીના ચેરમેન તથા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને બાપુ કોલેજના દ્વાર તકો પ્રદાન કરવા માટે હંમેશા ખુલ્લા હોવાનું કહેતા યજમાનપદ આપવા જીટીયુનો આભાર માન્યો હતો. તેમણે ભાગ લેનાર તમામ ૨૩ કોલેજોના ૬૫૦થી વધુ સ્પર્ધકોનો પણ આભાર માન્યો હતો.

સમાપન સમારોહના અતિથિ વિશેષ પદે જીટીયુના પ્રો. વાઈસ ચાન્સેલર ડાયરેકટર પ્રો. રાજુલ ગજ્જરે બાપુ કોલેજના આયોજન અને શિસ્ત પાલનને બિરદાવ્યું હતું.



અતિથિવિશેષ પદે ઉપસ્થિત ક્રિએટીવ ઈન્ફોસીટીના મેનેજીંગ ડિરેકટર સુવાસ બારોટે યુવાનોને વિરાસતની જાળવણી, સમય પાલન અને પરિવર્તનની જરૂરિયાતને સમજવાની કેળવણી દ્વારા કેરિયર પ્રત્યે સજાગ રહેવા શીખ આપી હતી. સમાપન સમારોહમાં કેમ્પસના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ડાયરેકટર ડૉ.એમ.એમ. પટેલ, એસવીબી આઈટીના પ્રિન્સીપાલ પ્રો. નરેશ ચૌહાણ તથા રજીસ્ટ્રાર મુકેશ વેદ ઉપસ્થિત રહ્યા હતાં.

ક્ષિતિજ ૧૫-૧૬ યુથ ફેસ્ટિવલમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીએ ઝોનલ ચેમ્પિયનશીપ મેળવી હતી જયારે રનર્સઅપ પદે એસ.આર. પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ વિજેતા બની હતી.

#### વિવિધ કેટેગરીમાં ઝોનલ કક્ષાની વિજેતા ટીમ

- ઝોનલ ચેમ્પિયનશીપ - શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી
- ઝોનલ રનર્સઅપ - એસ.આર. પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ
- મ્યુઝીક - એસ.આર. પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ
- થીએટર - એસ.આર. પટેલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ
- ડાન્સ - શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી
- લિટરેચર - વિશ્વકર્મા ગાંધીનગર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી
- ફાઈનઆર્ટસ - જીઈસી, ગાંધીનગર




(તસવીર : સમીર રામી)

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ખાતે ત્રિવેણી પર્વની ઉત્સાહભેર ઉજવણી



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક રાંધેજા ગામ પાસે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ખાતે ગણેશ ચતુર્થી, સંવત્સરી અને સૈર બ્ગુલ્ફરોશનના ત્રિવેણી સંગમ પર્વની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

૧૭ સપ્ટમ્બરના રોજ અનોખો ત્રિવેણી સંગન યોજાયો હતો. જેમાં ગણેશ ચતુર્થી, સંવત્સરી, સૈર-ગ્લુલ્ફરોશનના ત્રિવેણી પર્વની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણ દ્વારા સમુહગાન અને મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત પ્રાર્થના સભા યોજાઈ હતી. તેમાં ત્રણેય પર્વોની ધાર્મિક સમજણ અને મૂલ્યોની વિશેષતા રજુ કરવામાં આવી હતી. શાળા પરિવારે ત્રણેય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

# ગાંધીનગર શહેર અને જિલ્લો શનિવારે ડ્રાય ડે ઉજવશે

### ડેન્ગ્યુ અને મેલેરીયા અટકાયત માટે અસરકારક ઉપાય

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુના કેસોમાં છેલ્લા થોડા સમયથી વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદમાં વધેલા કેસો અને અમદાવાદ ગાંધીનગરની રોજની અવરજવરના કારણે ગાંધીનગર શહેરમાં પણ તકેદારીના પગલા લેવા આવશ્યક છે. સોર્સ રીડકશન, પ્રચાર-પ્રસાર વગેરે લેવાઈ રહ્યા છે. મચ્છરની ઉત્પત્તિ માટે ઈંડા મુકવાની મચ્છર થવાની સાયકલ એક અઠવાડિયાની હોય છે અને ડેન્ગ્યુ તથા મેલેરીયાના મચ્છર ચોખ્ખા પાણીમાં થતા હોય છે. જેથી વાપરવાનું પાણીના પાત્રો અઠવાડિયામાં એક વાર ઘસીને સાફ કરવામાં આવે તો મચ્છર ઉત્પત્તિ થતી અટકે અને રોગને ફેલાતો અટકાવી શકાય છે.

આરોગ્ય કમિશનરશ્રી ગુજરાત રાજ્યની સુચનાથી દરેક મહાનગરપાલિકા અને જિલ્લાઓમાં ડ્રાય ડે અઠવાડિયામાં એક દિવસ ઉજવવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લા અને શહેરમાં આ માટે શનિવારની પસંદગી થઈ હોવાથી જિલ્લા અને શહેરના તમામ જનતાને શનિવારે પાણી ભરવાના પાત્રો જેવા કે ગઢી, ટાંકી, કેરબા વગેરે પાત્રોને ઘસીને સાફ કરવા અને એક દિવસ ખાલી રાખવા જણાવવામાં આવે છે. ડ્રાય ડે ઉજવીને ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા જીવલેણ રોગને અટકાવવામાં સહભાગી બનવા સર્વે જનતાને અપીલ છે.



**સે-૩-ડીમાં શ્રીજીની શોભાયાત્રા**

વિઘ્ન હર્તા મંગલમૂર્તિ ગણેશજીનું નગરમાં રંગેચંગે સ્થાપન કરવામાં આવ્યું છે. સ્થાપન પૂર્વે ભાવિકોએ વાજતે ગાજત શ્રીજીની શોભાયાત્રાઓ કાઢી હતી. સેકટર-૩-ડીમાં યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવની મૂર્તિની પણ યુવાનો દ્વારા ડીજેના તાલે શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેના દર્શનનો લાભ સેકટર વાસીઓએ લીધો હતો. (તસવીર : સમીર રામી)

## શિવરંજની દ્વારા આહિસ્તા... આહિસ્તા... ગઝલ કાર્યક્રમ ૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ખાતે સંસ્થાના ગુણીજન સભ્યશ્રીઓને માટે સદાબહાર એવા કાર્યક્રમો કરવા અને સૂર-શબ્દની આરાધના, એક માત્ર ધ્યેય સાથેની પ્રવૃત્તિ કરતી સંસ્થા 'શિવરંજની' ના 'આહિસ્તા.. આહિસ્તા...'માં આગામી તા. ૧૯ સપ્ટેમ્બરને શનિવારના રોજ સતત ઉત્સાહિ અને જેમને સાંભળવા સતત રાહ જોવાતી હોજ તેવા પરિપકવ ગઝલ કલાકારોની જાણીતી ગઝલોનો કાર્યક્રમ યોજાશે. 'શિવરંજની' સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલીને ધ્યાને લઈને ઉચ્ચ કક્ષાની ગઝલો એને ન્યાય આપી શકે તેવા કલાકારો દ્વારા ખાસ પસંદગી કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં શ્રી તેજસ મજમુદાર દ્વારા સંચાલન થશે.